તા.૧૦.૦૬.૨૦૨૫, પાના નં.૦૪
સંદેશ (ગાંધીનગર આવૃત્તિ)

# મેટ્રોરેલ કેબલ ચોરીના બે શખ્સોનું કોબા પાસે રિકન્સ્ટ્રક્શન કરાયુ

## કોર્ટે ચારેય આરોપીઓને ૧૩ જૂન સુધીના રિમાન્ડ પર સોંપ્યા

। ગાંધીનગર ।

કોબા પાસે મેટ્રોરેલના જીવંત વાયર કાપનાર આંતરરાજ્ય ગેંગના ચાર શખસો પૈકી બે શખસોને આજે ઈન્ફોસિટી પોલીસે સ્થળ પર લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવ્યુ હતું. આ આરોપીઓએએ અહિ ઝાડ પર ચડીને દોરડા વડે મેટ્રોટ્રેનના ડક સુધી પહોંચ્યા હતા.

ઉલ્લેખનીય છેકે, તાજેતરમાં એલસીબીએ ચીપીની ખેકડા ગેંગના ચાર શખસોની ધરપકડ કરીને આંતરરાજ્ય મેટ્રોરેલ કેબલ ચોરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જ આ ગેંગે ૩પ જેટલા ગુનાની કબુલાત આપી હતી. દરમિયાન પોલીસે તેમની વધુ પુછપરછ માટે કોર્ટમાં રજુ કરીને ૧૩ જુન સુધીના રિમાન્ડ મેળવ્યા છે. આ ગુનાની તપાસ ઈન્ફોસિટી પોલીસને સોંપવામાં આવી છે. પોલીસે આજે આ ચાર શખસો પૈકી બે શખસોને ચોરીના સ્થળ પર લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કરાવ્યુ હતું. જેમાં આ શખસો કેવી રીતે મેટ્રોરેલના ડક સુધી પહોંચ્યા તેની વિગતો મેળવી હતી. તેઓએ ડક સુધી પહોંચવા માટે મેટ્રોરેલ સ્ટેશનના બદલે જ્યાં પીલર પાસે ઝાડ હોય તેવી જગ્યાનો ઉપયોગ કર્યો હતો. ઝાડ પર ચડીને તેઓ દોરડા મારફત ડક સુધી પહોંચ્યા હતા. જ્યાંથી તેઓએ ધારદાર કટરથી વાયર કાપી નાખતા ટ્રેનવ્યવહાર થંભી ગયો હતો.